ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નડિયાદ મહાનગરપાલિકાના એજન્ડાના સાત કામો સામે વિપક્ષના આકરા પ્રહારો , શાળાના પ્લોટના હેતુફેર સામે તીવ્ર વિરોધ

નડિયાદ મનપાની પાંચમીની સભામાં 'ફટાકડાં' ફુટશે

મેયર અને
કમિશનરને લેખિત પત્ર પાઠવી ત્રીજી નવેમ્બર સુધીમાં તમામ દસ્તાવેજો પૂરા પાડવા અલ્ટીમેટમ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા આગામી 5 નવેમ્બરના રોજ બપોરે 12 કલાકે પ્રથમ માળે આવેલા સભા ખંડમાં બોલાવવામાં આવેલી સામાન્ય સભા પૂર્વે જ રાજકીય ગરમાવો આવી ગયો છે. ગત 28મી ઓક્ટોબરના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલા 7 કામોના એજન્ડા સામે વિપક્ષ કોંગ્રેસે



આક્રમક રણનીતિ ઘડી કાઢી શાસકોને બોરડમાં ઘેરવાની પૂરી તૈયારી કરી લીધી છે.

નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને વોર્ડ નંબર 12 ના કોર્પોરેટર હાર્દિક ભટ્ટે મેયર મનીષભાઈ પટેલ તથા મ્યુનિસિપલ કમિશનર કિરણ ઝવેરીને આકરો પત્ર પાઠવીને એજન્ડાના કામોના દસ્તાવેજોની માંગણી કરી છે અને શહેરના 5 સળગતા પ્રશ્નો પર લેખિત ચિતાર માંગ્યો છે. આ જનરલ બોર્ડના એજન્ડાના કામ નંબર 6 સામે સૌથી મોટો વિરોધ નોંધાવવામાં આવ્યો છે. નગર રચના યોજના નંબર 4 ના અંતિમ ખંડ નંબર 197 સ્થિત શાળા અને રમતગમતના મેદાન માટે અનામત રખાયેલી જગ્યાનો હેતુફેર કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે.

આ અંગે વિપક્ષે ગંભીર આક્ષેપ કર્યો છે કે, બાળકોના ભવિષ્ય સાથે જોડાયેલી આ અમૂલ્ય જગ્યાનો હેતુફેર કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને લાભ પહોંચાડવા માટે કરવામાં આવી રહ્યો છે. આ અંગે પૂરતો ટેકનિકલ રિપોર્ટ રજૂ ન થાય ત્યાં સુધી આ કામગીરી તત્કાળ અસરથી મુલતવી રાખવા આકરી માંગણી કરવામાં આવી છે.

દસ્તાવેજો ન મળે ત્યાં સુધી 6 કામો મોકૂફ રાખવા ચીમકી

કોર્પોરેટર દ્વારા શાસકોને 3 નવેમ્બર સુધીમાં તમામ સંબંધિત દસ્તાવેજો અને નકશાઓ પૂરા પાડવા મુદત આપવામાં આવી છે. વિપક્ષે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી પૂરતા પુરાવા અને દસ્તાવેજો રજૂ ન કરાય ત્યાં સુધી એજન્ડાના કામ નંબર 1, 2, 3, 5, 6 અને 7 મોકૂફ રાખવામાં આવે. આ ઉપરાંત નગર રચના યોજના 5, 7, 8 અને 11 માં કરાતી કપાત અંગે પણ સ્પષ્ટ નકશા અને દસ્તાવેજો માંગવામાં આવ્યા છે, જેથી કારોબારીના ઠરાવો અને ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોની પારદર્શિતા ચકાસી શકાય.

નવા ભળેલા 10 ગામોનો માસ્ટર પ્લાન - ગ્રાન્ટનો હિસાબ મંગાયો

નડિયાદ મનપામાં રૂપાંતરિત થયા બાદ પાલિકા હદમાં ઉમેરાયેલા નવા 10 ગામોના વિકાસ અંગે વિપક્ષે 5 વર્ષનો માસ્ટર પ્લાન માંગ્યો છે. આ ગામોમાં રોડ, પીવાનું પાણી, ગટર અને સ્ટ્રીટ લાઇટ જેવી પાયાની સુવિધાઓ માટે વોર્ડ મુજબ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ? તેનો વિગતવાર હિસાબ બોર્ડ સમક્ષ રજૂ કરવા માંગ કરાઈ છે. હાલમાં આ વિસ્તારોમાં કયા કયા વિકાસકામો ચાલુ છે ? તેનો આંકડાકીય ચિતાર પણ શાસકો પાસે માંગવામાં આવ્યો છે.

સ્પીડ બ્રેકર મામલે ફોજદારીની ચીમકી

નડિયાદ શહેરના આઇકોનિક રોડ પર હનુમાનજી મંદિર પાસે બનાવાયેલા બે સ્પીડ બ્રેકર સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ઇન્ડિયન રોડ કોંગ્રેસના 1988 ના ધોરણો મુજબ 100 મિલીમીટરના આ બમ્પ ન હોવાનો આક્ષેપ કરાયો છે. બમ્પ પાસે કોઈ રિફ્લેક્ટર કે સાઇન બોર્ડ પણ નથી. જો સાત દિવસમાં યોગ્ય માર્કિંગ નહીં કરાય અને અકસ્માત સર્જાશે તો મહાનગરપાલિકા તથા કોન્ટ્રાક્ટર સામે ફોજદારી ગુનો નોંધાવવાની ચીમકી અપાઈ છે.

જનહિતના 5 સળગતા પ્રશ્નોનો જવાબ માંગ્યો

» **સ્ટોર્મ વોટર ડ્રેઇન:** પારસ સર્કલથી કપડવંજ રોડ સુધીના સ્ટોર્મ વોટર ડ્રેઇનની કામગીરી ક્યારે પૂર્ણ થશે? તેનો DPR અને કોન્ટ્રાક્ટરની વિગતો શું છે?

» **રખડતી ગાયો અને ઢોરવાડા:** શહેરમાં હાલ કેટલા ઢોરવાડા કાર્યરત છે અને ગાયોને રેડિયો ફ્રિકવન્સી ટેગ (RFID) લગાવવાની કામગીરીનો હિસાબ શું છે?

» **રખડતા કૂતરાઓનો આતંક:** ડોગ શેલ્ટર અને રસીકરણ માટેનું ટેન્ડર બે વાર નિષ્ફળ કેમ ગયું? હવે 24 નવેમ્બર સુધી ટેન્ડર લંબાવવા પાછળ શાસકોનો શું ખુલાસો છે?

આણંદ પાસે ત્રિપલ બાઈક અકસ્માતમાં એકનું મોત

સારસા-રાસનોલ
રોડ પર ઓવરટેક કરવાની ઘેલછામાં અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદ તાલુકાના સારસા-રાસનોલ રોડ પર હનુમાનજી મંદિર નજીક પૂરઝડપે આવતા એક બાઇક ચાલકે ઓવરટેક કરવા જતાં પાછળથી અન્ય બાઇકને ટક્કર મારતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં એકનું મોત નિપજ્યું હતું.

આણંદ તાલુકાના સારસા ગામના ઢભેરીપુરા ખાતે રહેતા અલ્પેશ અરવિંદભાઈ ચૌહાણ તારીખ ૦૧લી નવેમ્બર, ૨૦૨૬ ના રોજ રાત્રિના સુમારે પોતાની બાઇક પર પત્ની વર્ષાબેન સાથે ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે સારસા-રાસનોલ રોડ પર હનુમાનજી મંદિર આગળ પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા બાઇકના ચાલકે અલ્પેશકુમારની બાઇકને ઓવરટેક કરવા જતાં જોરદાર ટક્કર મારી હતી.

આ ટક્કરના કારણે અલ્પેશકુમારે બાઇક પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તેમની બાઇક સામેથી આવી રહેલી અન્ય બાઇક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં અલ્પેશકુમાર, તેમના પત્ની તેમજ સામેથી આવતી બાઇકના ચાલક ત્રણેયને શરીરે ઈજાઓ પહોંચી હતી. આ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સામેથી આવતી બાઇકના ચાલકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે ખંભોળજ પોલીસે અકસ્માત સર્જનાર બાઇક (નં. GJ-23-EG-3714) ના ચાલક વિરુદ્ધ ગનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલને સોંપી છે.

પાલિકાની રોશનીના લટકતા તારે વાહનચાલકના ગળાની સ્વરપેટી ચીરી નાખી

પેટલાદ પાલિકાની ઘોર બેદરકારીથી આધેડનું ગળુ કપાતાં હાલત ગંભીર

પેટલાદના ટાઉનહોલ
પાસે બાઇકસવારનું ગળું ખુલ્લા તારમાં ભરાતાં લોહી લુહાણ

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨

પેટલાદ નગરપાલિકાના વહીવટદારો અને તંત્રની ગંભીર બેદરકારી તથા રોશનીના દેખાડાના કારણે સોમવારે એક નાગરિકનો જીવ જોખમમાં મુકાયો છે. નગરપાલિકા દ્વારા બે પોલ વચ્ચે બાંધવામાં આવેલા રોશનીના ખુલ્લા લટકતા તારના કારણે બાઈક લઈને પસાર થઈ રહેલા ૪૩ વર્ષીય આધેડનું ગળું છેક સ્વરપેટી સુધી કપાઈ જતાં તેઓ ઘટનાસ્થળે જ લોહીલુહાણ થઈને ઢળી પડતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયાં હતાં.

વિશ્નોલી ગામે રહેતા આશરે ૪૩ વર્ષીય મગનભાઈ તળપદા સોમવાર સાંજે બાઈક લઈને પેટલાદ ટાઉનહોલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાલિકા દ્વારા રસ્તા પર બે પોલ વચ્ચે રોશની માટે કરેલા તાર ખુલ્લા લટકી રહ્યા હતા, જે બાઈકસવાર મગનભાઈના ગળામાં ભરાઈ ગયા હતા. લટકતો તાર ગળામાં ભરાઈ જતાં જ ચાલુ બાઈકે ગળા પર ગંભીર કાપો પડી ગયો હતો અને મગનભાઈ લોહીલુહાણ થઈને રસ્તા પર પટકાયા હતા. આ ભયાનક અકસ્માત જોઈ આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી હતી અને ગંભીર રીતે ઘવાયેલા આધેડને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

આ અંગે હોસ્પિટલના ડો. જૈમિની ઠક્કરે વિગતો આપતાં જણાવ્યું હતું કે, રોશનીનો તાર ગળામાં ભરાઈ જવાના કારણે છેક સ્વરપેટી સુધી ગળું કપાઈ ગયું છે. ગળામાં ગંભીર ઈજા થતાં દર્દીથી બોલી શકાતું નથી. દર્દીની સ્વરપેટીનું તાત્કાલિક ઓપરેશન કરવું જરૂરી હોઈ તેમની નાજુક સ્થિતિને ધ્યાને રાખી વડોદરા ખાતે રીફર કરવામાં આવ્યા છે.

પાપ છુપાવવા પાલિકા તંત્ર સફાળું જાગ્યું !

પેટલાદ પાલિકાએ અકસ્માત થતાં જ ટાઉનહોલથી રણછોડજી સુધીની સિરીઝો તાબડતોબ ઉતારી લીધી હતી. પાલિકા તંત્રની ઘોર બેદરકારીનો પર્દાફાશ એ વાતથી થાય છે કે સવારે જ સ્થાનિક લોકોએ ટાઉનહોલ પાસે લટકતા આ જોખમી તારો અંગે પાલિકાને જાણ કરી હતી. આમ છતાં, પાલિકા તંત્રે આ તારો ઊંચા લેવાની કે સરખા કરવાની કોઈ તસ્દી લીધી નહોતી. પરંતુ સાંજે વાહનચાલક સાથે ગંભીર અકસ્માત સર્જાતાં જ પાલિકા તંત્ર સફાળું જાગ્યું હતું. ઘટના બન્યા બાદ તાબડતોબ ટાઉનહોલથી રણછોડજી સુધીની રોશની માટે લગાવેલી લાઈટિંગ સિરીઝો ઉતારી લેવામાં આવી હતી.

વાસદ પાસે હાઈ વે પર કાર ટક્કરે વૃદ્ધાનું મોત

સીમંતના પ્રસંગમાં
જઈ રહેલી બે મહિલાને અડફેટે લીધાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર અડાસ ગામની સીમમાં આવેલા રાજુપુરા પાટીયા સામે એક દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે. સીમંતના પ્રસંગમાં જઈ રહેલી બે મહિલાઓને પૂરઝડપે આવતી અજાણી સફેદ કલરની મારુતિ ઈકો ગાડીના ચાલકે જોરદાર ટક્કર મારતાં ૭૦ વર્ષીય વૃદ્ધાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક મહિલા ગંભીર રીતે ઘવાયાં છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અડાસ ગામના લક્ષ્મીપુરા ખાતે રહેતા મેલીબેન વિઠ્ઠલભાઈ પરમાર (ઉ.વ. ૭૦) તથા તેમના સંબંધી સવિતાબેન ભાનુભાઈ રાઠોડ સૈયદપુરા ગામે સીમંતના પ્રસંગમાં હાજરી આપવા ઘરેથી નીકળ્યા હતા. સવારના આશરે દસેક વાગ્યાના સુમારે તેઓ રાજુપુરા પાટીયા સામે હાઈવે ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે વડોદરા તરફ જતી એક સફેદ ઈકો ગાડીના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી બંનેને અડફેટે લીધા હતા.

આ જોરદાર ટક્કરને કારણે બંને મહિલાઓ રોડ પર પટકાતાં માથા તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને તાત્કાલિક વાસદ સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે મેલીબેનને મૃત જાહેર કર્યા હતા. આ ગંભીર રીતે ઈજાગ્રસ્ત સવિતાબેનને વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે રીફર કરાયા છે. આ અંગે વાસદ પોલીસે ગુનો નોંધી કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

એસટી વિભાગ સાથે કરાર કરીને શરૂ કરાયેલી સેવા ૨ દિવસથી ઠપ્પ

નડિયાદમાં લાખોની ખોટ ખાતી સીટી બસ સેવા અચાનક બંધ

તંત્રનો હંગામી બંધ
હોવાનો બચાવ, પુનઃ કાયમી તાળા વાગવાની આશંકા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

નડિયાદમાં છેલ્લા ૨ દિવસથી સીટી બસ સેવા અચાનક બંધ કરી દેવાતાં નગરજનોમાં ભારે કુતૂહલ સર્જાયું છે. મનપાના સત્તાધીશો આ સેવા હંગામી ધોરણે બંધ કરવામાં આવી હોવાનો બચાવ કરી રહ્યા છે, પરંતુ લાંબા સમયથી ચાલી રહેલી ભારે આર્થિક ખોટને કારણે આ સેવા ફરીથી કાયમી ધોરણે બંધ થઈ જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

નડિયાદમાં સીટી બસ સેવાનો ઈતિહાસ વિવાદો અને નિષ્ફળતાથી ભરેલો રહ્યો છે. અગાઉ પણ કોન્ટ્રાક્ટ પ્રથા મારફતે અલગ-અલગ ત્રણ વખત સીટી બસ ચાલુ કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ પૂરતા મુસાફરો ન મળતા અને આવક કરતાં જાવક વધી જતાં પાલિકા પર આર્થિક ભારણ વધતાં આ સેવા ૩ વખત બંધ કરવાની ફરજ પડી હતી.

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ રાજ્યના એસટી વિભાગ સાથે એમઓયુ કરીને આ સેવા ફરી ધામધૂમથી શરૂ કરાઈ હતી. જોકે, શરૂઆતના ઉત્સાહ બાદ છેલ્લા કેટલાક મહિનાઓમાં મહાનગરપાલિકાને આ સેવા પાછળ લાખો રૂપિયાની જંગી ખોટ સહન કરવી પડી રહી છે.

આ આર્થિક નુકસાની વચ્ચે છેલ્લા ૨ દિવસથી માર્ગો પરથી સીટી બસો અચાનક ગાયબ થઈ ગઈ છે. તંત્રના અધિકારીઓ અનુસાર, શહેરમાં ચાલી રહેલા સ્વદેશી મેળાના કારણે બસો હંગામી ધોરણે બંધ રખાઈ હોવાની શક્યતા છે અને આગામી દિવસોમાં સેવા રાબેતા મુજબ ચાલુ કરી દેવાશે. તેમ છતાં, ખોટનો મોટો ખાડો જોતાં આ સેવા વાસ્તવમાં ક્યારે શરૂ થશે તે સળગતો પ્રશ્ન બન્યો છે.

નડિયાદ નગરપાલિકા દ્વારા સીટી બસનું ખાનગીકરણ કરવામાં આવ્યું હતું. તેમાં પણ બાળ મરણ થયું હતું. આ કડવા અનુભવ બાદ મનપાએ એસટી વિભાગનો સહારો લીધો હતો.

સોનાના ભાવ ઘટાડાથી ગ્રાહકોની ખરીદી નિકળી

ગત વર્ષ કરતાં સોના
અને ચાંદી બંનેમાં 40 ટકા સુધીનો ભાવઘટાડો

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદમાં દિવાળીના ઉત્સવની શરૂઆત સાથે જ બજારમાં ખરીદીનો માહોલ જામ્યો છે, જેમાં ખાસ કરીને રવિ પુષ્ય નક્ષત્રના શુભ યોગના કારણે લોકોએ સોના-ચાંદીના ઘરેણાં અને લગડીની ધૂમ ખરીદી કરી છે. અગાઉના વર્ષની સરખામણીમાં સોના અને ચાંદી બંનેના ભાવમાં લગભગ 40 ટકા જેટલો ઘટાડો જોવા મળતાં ગ્રાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આણંદમાં દિવાળીના તહેવારને અનુલક્ષીને બજારમાં સોના-ચાંદીની ખરીદી શરૂ થઈ ગઈ હતી. આ વર્ષે ખાસ રવિ પુષ્ય નક્ષત્રનો યોગ હોવાથી



લોકોએ દાગીના તેમજ લગડી ખરીદવા પર વિશેષ પસંદગી ઉતારી હતી. ગત વર્ષની તુલનાએ સોના અને ચાંદી બંને ધાતુના ભાવ લગભગ 40 ટકા જેટલા ઓછા હોવાથી ખરીદી કરવા નીકળેલા ગ્રાહકોમાં ખાસ ઉત્સાહ વર્તાઈ રહ્યો છે.

આ અંગે 'ધી ઝવેરાત'ના માલિક નિલય સોનીના જણાવ્યા અનુસાર, રવિ પુષ્ય નક્ષત્રની જેમ જ આવનારી ધનતેરસે પણ આવી જ ઉત્સાહજનક ખરીદી રહેવાની શક્યતા છે. આ ઉપરાંત તહેવારો બાદ પણ પ્રાસંગિક રીતે લોકોમાં સોના-ચાંદીની ખૂબ સારી ખરીદી જળવાઈ રહેશે.

આણંદ - ખેડામાં નવેમ્બરની શરૂઆત છતાં ઠંડી ગાયબ

ચરોતરમાં નવેમ્બરમાં પણ પારો ૩૩.૫ ડિગ્રી, ગરમીનો અહેસાસ

વહેલી સવારે હળવી
ઠંડક તો બપોરે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ

(પ્રતિનિધિ) આણંદ તા.૨

નવેમ્બર મહિનાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં આણંદ સહિત આસપાસના પંથકમાં હજુ સુધી ઠંડીનું આગમન થયું નથી. સામાન્ય રીતે દિવાળીના તહેવાર બાદ વાતાવરણમાં ઠંડક વધવાની સાથે ગુલાબી ઠંડીની શરૂઆત થતી હોય છે.

સોમવારે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧.૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. આમ, દિવસ અને રાતના તાપમાનમાં નોંધપાત્ર તફાવત જોવા મળી રહ્યો છે. વહેલી સવારે ભેજનું પ્રમાણ ૮૦ ટકા જેટલું રહેતાં વાતાવરણમાં હળવી ઠંડકની અનુભૂતિ થાય છે. જોકે, સૂર્યોદય બાદ તડકો વધવાની સાથે બપોરના સમયે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

બીજી તરફ ઉત્તર-પૂર્વ દિશામાંથી પ્રતિ કલાક ૩.૮ કિલોમીટરની ઝડપે ફૂંકાતા હળવા પવનને કારણે વાતાવરણમાં ખુશનુમા માહોલ જોવા મળી રહ્યો છે. વહેલી સવારે ઘર બહાર નીકળતા લોકોને ઠંડકનો અહેસાસ થાય છે, જ્યારે બપોરના સમયે ગરમીથી બચવા મજૂર વર્ગ સહિત સૌ કોઈને છાંયડાનો સહારો લેવો પડે છે. એકંદરે દિવસ દરમિયાન લોકોને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને શિયાળાની શરૂઆતની આશા રાખતા નાગરિકો હજુ પણ ઠંડીના માહોલની રાહ જોઈ રહ્યા છે. નવેમ્બર મહિનામાં પણ તાપમાન ઊંચું રહેતાં શિયાળાની ઋતુનો માહોલ ક્યારે જામશે તે અંગે લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લી., નડિઆદ.

kdcc

સરદાર પટેલ સહકાર ભવન,
મિશન રોડ, નડીઆદ-387002.
કસ્ટમર સર્વિસ સેન્ટર નંબર : (0268) 350 1600.
વોટ્સએપ બેંકીંગ : 8055373737.
Email : ceoest.ho@khedadccb.bank.in • Website : khedadccb.bank.in

સભાસદો જોગ - જાહેર નોટીસ

આથી વર્ષ ૨૦૨૫-૨૬ના પુરા નાણાંકીય વર્ષ માટે બેંકના સભાસદ તરીકે રહેલ મંડળી સભાસદોને જણાવવાનું બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આગામી ચૂંટણી સંદર્ભમાં મંડળીના અધિકૃત પ્રતિનિધિઓના ઠરાવ મોકલી આપવા બાબતે સભાસદ મંડળીઓને પત્રથી જાણ કરેલ છે. અધિકૃત પ્રતિનિધિઓના ઠરાવ મોકલી આપવાની છેલ્લી તારીખ : ૧૬/૧૧/૨૦૨૬ બપોરે ૩-૦૦ કલાક સુધીની છે. જો કોઈ સભાસદ મંડળીને આ બાબતનો પત્ર મળેલ ન હોય તો મંડળીએ તેના લેટરપેડ પર હોદ્દેદારની સહી સાથે માગણી રજૂ કરી બેંકની મુખ્ય ઓફિસથી મેળવી નિયત સમય મર્યાદામાં અધિકૃત પ્રતિનિધિઓના ઠરાવ મોકલી આપવા નમ્ર અપીલ છે.

તા. ૦૨/૧૧/૨૦૨૬. ચીફ એક્ઝીકયુટીવ ઓફિસર

બોરસદનો દિવ્યાંગ યુવાન ધ્રુવ પટેલ GPSC પરિક્ષામાં ઉત્તિર્ણ

સ્પર્ધાત્મક પરીક્ષામાં
સફળતા મેળવતાં બોરસદ શહેર અને પાટીદાર સમાજનું ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ) બોરસદ, તા.૨

બોરસદ શહેરના યુવાન ધ્રુવ અંકિતભાઈ પટેલે ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા યોજાયેલી વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી પ્રક્રિયામાં સફળતા મેળવી મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૩-૨૪ અંતર્ગત યોજાયેલી પ્રાથમિક કસોટી અને મુખ્ય લેખિત પરીક્ષામાં સફળતા મેળવી મૌખિક તથા વ્યક્તિત્વ કસોટી (ઇન્ટરવ્યૂ) માટે લાયકાત પ્રાપ્ત કરી હતી. તેમની આ સિદ્ધિથી બોરસદ શહેર સહિત પાટીદાર સમાજમાં ગૌરવની લાગણી પ્રસરી છે.

ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત સિવિલ સર્વિસ વર્ગ-૧ અને વર્ગ-૨ ભરતી પ્રક્રિયા રાજ્યની મહત્વપૂર્ણ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક છે. આ પરીક્ષાની વિવિધ કસોટીઓમાં



સફળતા મેળવવા માટે સતત અભ્યાસ, મહેનત, ધીરજ અને દૃઢ નિર્ધાર જરૂરી હોય છે. ધ્રુવ પટેલે પોતાની તૈયારી અને પરિશ્રમના બળે આ પરીક્ષાના મહત્વના તબક્કા સુધી પહોંચીને પોતાની ક્ષમતા સાબિત કરી છે. તેમની આ સિદ્ધિ બોરસદના અન્ય યુવાનો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે. ખાસ કરીને સરકારી સેવાઓમાં ઉચ્ચ હોદ્દા પ્રાપ્ત કરવાનું સ્વપ્ન જોતા વિદ્યાર્થીઓ માટે ધ્રુવ પટેલની સફળતા એ સંદેશ આપે છે કે સતત પ્રયત્નો, યોગ્ય દિશામાં મહેનત અને આત્મવિશ્વાસથી મુશ્કેલ લક્ષ્ય તરફ આગળ વધી શકાય છે. તેમની આ શૈક્ષણિક સિદ્ધિથી પરિવારજનો, શુભેચ્છકો અને સમાજમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ધ્રુવ અંકિત પટેલે પ્રાથમિક શિક્ષણ બોરસદની ત્રિપદા સ્કૂલમાં ધોરણ ૧થી ૫ સુધી મેળવ્યું હતું. ત્યારબાદ ધોરણ ૬થી ૮નો અભ્યાસ જે.ડી. પટેલ માધ્યમિક શાળામાં પૂર્ણ કર્યો હતો. ધોરણ ૧૧ અને ૧૨નો અભ્યાસ વિદ્યાનગરની નોલેજ સ્કૂલમાં કર્યા બાદ બોરસદ કોલેજમાંથી બી.કોમ. ની પદવી મેળવી હતી. ત્યારબાદ વિદ્યાનગરની ચહલ એકેડેમી ખાતે જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી હતી. સમગ્ર અભ્યાસ ગુજરાતી માધ્યમમાં પૂર્ણ કરીને જીપીએસસી વર્ગ-૧ અને વર્ગ-૨ની જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૩-૨૪ની પરીક્ષામાં સફળતા મેળવી પોતાની શૈક્ષણિક પ્રતિભા અને મહેનતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.